આજ કાલ

# ઈન્ટરનેટ કોર્નર

- નીશ્ચલ સંઘવી

## એક ઉપયોગી વેબસાઈટ




## GujaratiLexicon.com

ઘણા લોકો કહેતા હોય છે કે અમારે નું શું કરવાનું અમે તો ગુજરાતી ભાષા લખવા બોલવા વાળા છીએ. તો મિત્રો, ગુજરાતી ભાષા ના વપરાશકારો ને ચાહકો ને ખુબજ મહત્વરૂપ થઈ શકે તેવી ઉત્કૃષ્ટ ગુજરાતી લેક્ષિકોન. કોમ ની વાત આપડે આજે કરવાના છીએ. શ્રી રતિલાલ ચંદરિયા દ્વારા મુકવામાં આવેલી આ વેબસાઈટમાં ૨૫ લાખ થી પણ વધારે શબ્દો નો શબ્દકોશ છે, જે ગુજરાતી ભાષા અને ગુજરાતીઓ માટે એક ગૌરવની વાત છે. આ સાઈટ દ્વારા તમે કોઈ પણ ગુજરાતી શબ્દો નો સમાનાર્થી અંગ્રેજી શબ્દ તેમજ અંગ્રેજી શબ્દ નો ગુજરાતી સમાંતર શબ્દ ફક્ત એક સેકંડ માં ગોતી શકો છો. આ ઉપરાંત દુનિયા ની આ એકજ છે કે જેમાં ગુજરાતી થીસેરસ ઉપલબ્ધ છે. ગુજરાતી ભાષા ના લેખકો, વાંચકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા શોખીનો માટે આના થી સારી વેબસાઈટ ઈન્ટરનેટ ઉપર નથી. અહિયાં તમે કોઈ પણ ગુજરાતી શબ્દ નો વિરુધ્ધાર્થી શબ્દ પણ ગોતી શકો છો, તેમજ ગુજરાતી ના રુઢિપ્રયોગો, કહેવતો, શબ્દસમૂહ વગેરે પણ કોઈજ મહેનત વગર સેકોન્ડો માં ગોતી શકો છો, અને સૌથી મહત્વ ની વાત એ છે કે આ બધું લખવા જાણવા માટે તમને ગુજરાતી ટાઈપિંગ આવડવું જરૂરી નથી, ગુજરાત કીબોર્ડ ઉપલબ્ધ છે જેના દ્વારા તમે માઉસ મદદ થી કોઈ પણ ગુજરાતી શબ્દ ટાઈપ કરી શકો છો. તો મિત્રો છે ને મજાની વાત. તો થઈ જાવ શરૂ, ટાઈપ કરો ગુજરાતીલેક્ષિકોન.કોમ અને ગુજરાતી ભાષા ના મહાયજ્ઞ માં જોડાઈ જાવ. જો તમારે ગુજરાતી ભાષા ના સમાનાર્થી શબ્દ જોવા ની એવી કોઈ પણ વસ્તુની જરુર ના પડતી હોય તો પણ તમને આ સાઈટ ઉપર મજા આવશે કારણ કે અહિયાં ગુજરાતી ક્રોસવર્ડ અને ક્વીઝ પણ ઉપલબ્ધ છે અને આ ઉપરાંત એવા ઘણાજ મેનુ છે કે જેમાં તમને જાણવા-માણવા જેવું ઘણું મળી રહેશે.